**અમદાવાદ (ગ્રામ્ય) ના એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

**ક્રિમિનલ કેસ નં. 9879/2024**

આંક:–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : હર્ષદ રાવજીભાઈ પ્રજાપતિ

**ગુનો : ઈ.પી.કો. કલમ– ૨૮૩ મુજબ.**

## ચુ કા દો

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ઈ.પી.કોડની કલમ: ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા, તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને ક્રી.પ્રો.કો કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે,યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::–હુ ક મ–::**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ: ૨૮૩ મુજબ શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન: ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૨૨ મી, માહે જૂન , સને, ૨૦૨૪ રોજ સ્પેશીયલ સીટીંગ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૨ / ૦૬ /૨૦૨૪
અમદાવાદ (ગ્રામ્ય)

(હર્ષદકુમાર રમણભાઈ પટેલ)
એડી.સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
કોડ નં.જીજે૦૧૨૯૭